# વડોદરા મહાનગરપાલિકા

## વડોદરા મહાનગર પાલિકાના પ્લોટો/જમીનો વેચાણથી(OUTRIGHT SALE) વેચાણથી મેળવવા અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકાના વિવિધ ટી.પી.સ્કીમો અન્વયે પ્રાપ્ત થયેલ વિવિધ હેતુ માટેના પ્લોટો(free hold land) જાહેર હરાજી થી વેચાણથી આપવા નિયત નમુનાના અરજીપત્રકમા અરજીઓ મંગાવવામા આવે છે. રસ ધરાવતી સરકારી/અર્ધસરકારી સંસ્થાઓ,ઓર્ગેનાઇઝર્સ/ડેવલપર્સ/સંસ્થા/હોલસેલ-રીટેલમાર્કેટ/બેંક/ધંધા સાથે સંકળાયેલ વેપારીઓ/વ્યકિતઓ વિગેરે અરજી કરી જાહેર હરાજીમાં ભાગ લઈ શકશે.

૧. જાહેર હરાજીનું સ્થળ: મહાત્મા ગાંધીનગર ગૃહ, વડોદરા (ફેરફારને પાત્ર)

૨. જાહેર હરાજીમાં ભાગ લેવા અર્નેસ્ટમની ડીપોઝીટ ભરવાની છેલ્લી તારીખ: ૦૩ /૦૯/૨૦૧૯ (મંગળવાર )
બપોરના ૨:૦૦ કલાક સુધી .

૩. જાહેર હરાજીની તારીખ: ૧૦ /૦૯ /૨૦૧૯(મંગળવાર) , સમય :- બપોરે : ૧૨ કલાકે

| અ.નં | ટી.પી. સ્કીમ નં | ફા.પ્લોટ નં. | વિસ્તાર | ક્ષેત્રફળ ચો.મી | મીનીમમ અપસેટ વેલ્યુરૂ.પ્રતિ.ચોમી | હેતુ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૧ એક્ષ સમા | ૭૭ | સમા ચાણકયપુરી ચાર રસ્તા, સોમેશ્વસો. પાસે | ૪૩૧ | ૬૨,૨૦૦/- | રહેણાક વેચાણ |
| ૨ | ૧૧ એક્ષ સમા | ૮૩ | સમા ચાણક્યપુરી ચાર રાસ્તા ,સોમેશ્વર સો .પાસે | ૫૦૫ | ૬૨,૨૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ પાત્ર |
| ૩ | ૧ સમા | ૨૯ | સમા સાવલી રોડ અવસર હોલ પાછળ, ગાયત્રી ડુપ્લેક્ષપાસે | ૧૮૧૬ | ૭૫,૦૦૦/- | રહેણાકના હેતુ માટે વેચાણ પાત્ર |
| ૪ | ૧ સમા | ૭૧ | સમા ફલેગ ગાર્ડન સામે બજરગં સો.મીલ પાસે, | ૧૬૯૯ | ૭૮,૦૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ પાત્ર |
| ૫ | ૧ સમા | ૧૩૬ | સમા સાવલી રોડ, એસ.આર.પેટ્રોલ પંપ ની પાછળ સંગાથ સો.પાસે. | ૯૪૫ | ૭૭,૬૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ પાત્ર |
| ૬ | ૧ સયાજીપુરા | ૧૧૮ | આજવા રોડ પાંજરા પોળ ની બાજુમાં | ૩૧૦૯ | ૩૮,૨૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ |
| ૭ | ૧ સયાજીપુરા | ૧૨૧ | આજવારોડ સયાજીટાઉનશીપ પાસે, હેમદીપ રેસી.ની બાજુમાં | ૩૯૪૪ | ૩૮,૨૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ |
| ૮ | ૧ સયાજીપુરા | ૧૨૩ | આજવા રોડ, સયાજી ટાઉનશીપની દક્ષીણે | ૧૭૮૨ | ૩૮,૫૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ |
| ૯ | ૨ સયાજીપુરા | ૪૭ | આજવારોડ પાંજરા પોળની પાસે, સયાજીપુરા | ૩૭૯૫ | ૩૮,૨૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ |
| ૧૦ | ૧૪ જેતલપુર | ૧૩ | કોર્ટ બિલ્ડીગ નીપાછળ, મલ્હાર પોઇનટની સામે ઓ.પી.રોડ | ૮૧૩ | ૮૦,૦૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ |
| ૧૧ | ૧૪ જેતલપુર | ૧૧૩ | ઇ.એસ.આઇ.હોસ્પી.ની બાજુમાં ગોત્રી રોડ, | ૧૪૩૦ | ૬૯,૦૦૦/- | વાણિજ્ય હેતુ માટેવેચાણ |
| ૧૨ | ૧૮ માંજલપુર | ૨૧૭ | અપેક્ષા સો.ની બાજુમાં, માંજલપુર. | ૩૧૦૬ | ૫૦,૦૦૦/- | ઓપન સ્પેસ એન્ડ શોપ |
| ૧૩ | ૧૮ માંજલપુર | ૨૫૬ | મણીનગર ની બાજુમાં, તુલસીધામ ચાર રસ્તા, માંજલપુર. | ૨૯૦૫ | ૪૦,૦૦૦/- | ઓપન સ્પેસ એન્ડ શોપીંગ સેન્ટર |
| ૧૪ | ૨૧ તાંદલજા | ૧૦૫ | વિકાસનગર સો.ની બાજુ, માં સનફાર્માંરોડ, અટલાદરા. | ૩૧૦૫ | ૫૫,૦૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ |
| ૧૫ | ૨૧ તાંદલજા | ૧૧૦ | મકરંદ દેસાઇ રોડ,તાઇફનગર પાસે, | ૨૨૧૫ | ૬૭,૦૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ |
| ૧૬ | ૨૨ તાંદલજા | ૮ | વાસણા રોડ, સેવાશ્રમ સો. પાસે, | ૧૯૩૧ | ૬૦,૦૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ |
| ૧૭ | ૨૨ તાંદલજા | ૧૦૭ | તાંદલજા રોડ, પત્રકાર ચાર રાસ્તા મુર્તજા પાર્ક સો. | ૧૬૧૫ | ૬૩,૦૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ |
| ૧૮ | ૨૪ તાંદલજા | ૫૨ | તાંદલજા રોડ, સનફાર્મા પાસે , | ૭૦૬૮ | ૬૩,૦૦૦/- | વાણિજ્ય વેચાણ |
| ૧૯ | ૬૦ ગોત્રી | ૧૬૯ | કોલાબેરાની પાછળ, ગોત્રી સેવાસી રોડ | ૧૭૦૧ | ૫૫,૦૦૦/- | પાર્કીગ માટે |
| ૨૦ | ૬૦ ગોત્રી | ૧૯૯/૧ | ગોત્રી સેવાસી રોડ,ગોત્રી ગામની બાજુમાં રૂક્ષમણી એપાર્ટ્મેંટ ની સામે | ૮૭૬ | ૬૨,૦૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ |
| ૨૧ | ૬૦ ગોત્રી | ૧૯૯/૨ | ગોત્રી સેવાસી રોડ,ગોત્રી ગામની બાજુમાં રૂક્ષમણી એપાર્ટ્મેંટ ની સામે | ૭૦૩ | ૬૪,૦૦૦/- | વાણિજ્ય હેતુ માટે વેચાણ |
| ૨૨ | ૬૦ ગોત્રી | ૨૦૨ | ગોત્રી GERI કંમ્પાઉન્ડની બાજુમાં | ૧૨૨૩ | ૬૦,૦૦૦/- | પબ્લીક યુટીલીટી |
| ૨૩ | ૬૦ ગોત્રી | ૨૦૫ | જલારામ નગર પાછળ ગાયત્રી સ્કુલ સામે, ગોત્રી | ૧૭૪૮૪ | ૪૫,૦૦૦/- | ડિસ્ટ્રીકટ સેન્ટર |
| ૨૪ | ૫ | ૩૧૩ | વોડ નં ૯ ની જુની ઓફીસ, આયુર્વેદિક ત્રણ રાસ્તા પાસે, પાણીગેટ | ૨૦૩૬ | ૫૫,૦૦૦/- | શોપીંગ સેન્ટર (જુની વોડ નં ૯ ની ઓફીસ) |
| ૨૫ | ૫ | ૫૬૮ | કોટ્યાર્ક નગર સો.ની સામે કિશનવાડી | ૮૯૪૪ | ૩૨,૦૦૦/- | માર્કેટ |

**આરોગ્ય હેતુસર ૫૦% મુજબ મળવાપાત્ર રાહત બાદની અપસેટ વેલ્યુ**

| અ.નં | ટી.પી.સ્કીમ નં | ફા.પ્લોટ નં. | વિસ્તાર | ક્ષેત્રફળ ચો.મી. | મીનીમમ અપસેટ વેલ્યુ રૂ. પ્રતિ.ચોમી | ૫૦% રાહત બાદ મીનીમમ અપસેટવેલ્યુ રૂ. પ્રતિ.ચોમી | હેતુ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯ માંજલપુર | ૩૨૦ પાર્ટ | સરસ્વતી ચાર રાસ્તા, માંજલપુર અતિથીગ્રુહ પાછળ BSNL ઓફિસ સામે | ૧૪૪૯.૮૯ | ૬૩,૦૦૦/- | ૩૧,૫૦૦/- | હેલ્થ સેન્ટર |

**જાહેર હરાજીમાં ભાગ લેવાની સામાન્ય શરતોઃ**

૧ અર્નેસ્ટમની ડીપોઝીટઃ હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા બીડરે તમામ પ્લોટોમાં બોલી બોલવાના અધિકાર માટે રૂ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા)ભરવાના રહેશે. સદર રકમ મ્યુનિસિપલ કમિશનર, વડોદરા નામનો શીડયુલ બેંકના વડોદરામાં ચુકવણી થાય તેવા ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરવાના રહેશે.

૨. વડોદારા મહાનગરપાલિકાને મહત્તમ બોલી સ્વિકારવાનો અથવા નકારવાનો અધિકાર અબાધિત રહેશે અને તે નિર્ણય છેવટનો અને તમામ બીડરને બંધનકર્તા રહેશે.

૩. પ્લોટ ઉપર મળવાપાત્ર બાંધકામ, એફ.એસ.આઈ. વિગેરે વિગતો અમલી G.D.C.R. ના નિયમો મુજબ જરૂરી સ્પષ્ટતા અંગે ટી.ડી.ઓ.(બાંધકામ પરવાનગી શાખા) માંથી મળી શકશે.

૪.હરાજીના સ્થળ, સમય, તારીખમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર મ્યુનિ.કમિશનરશ્રી, વડોદરાનો રહેશે. જો કે આ અંગેની સુચનાઓ બીડરને પર્યાપ્ત સમયગાળો રાખીને આપવામાં આવશે.

૫ હરાજીમાં ભાગ લેવા માટેની અરજીનું ફોર્મ તથા વધુ વિગતો/માહિતી વડોદરા મહાનગરપાલિકા સ્થિત રૂમ નં: ૨૦૩, જમીન મિલ્કત શાખા(કોર્મ), ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા, ગુજરાત-૩૯૦ ૨૦૯ ની કચેરીમાંથી ૧૧:૦૦ થી ૨:૦૦ કલાક દરમ્યાન તે અંગેની નિયત ફી રૂ.૧૦૦/- રોકડા ભરેથી મળી શકશે

વધુ વિગતો માટે ફોન નં. (૦૨૬૫) ૨૪૩૩૩૮૮, ૨૪૩૩૧૧૬, ૨૪૩૩૩૧૮ (એક્ષ્ટેન્શન-૩૦૮) તથા વેબ સાઈટ www.vmc.gov.in પર જોવા વિનંતી છે.

પી.આર.ઓ.નં. ૩૩૦ /૨૦૧૯-૨૦.

મ્યુનિસિપલ કમિશનર

# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## વડોદરા મહાનગર પાલિકાના વાણિજ્ય હેતુઓનાપ્લોટો વેચાણ(OUTRIGHT SALE)થી મેળવવા અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકાના વિવિધ ટી.પી.સ્કીમો અન્વયે પ્રાપ્ત થયેલ વિવિધ હેતુ માટેના જમીનના  પ્લોટો જાહેર હરાજી થી વેચાણથી આપવા નીયત નમુનાના અરજીપત્રક્મા અરજીઓ મંગાવવામા આવે છે. રસ ધરાવતી સરકારી/અર્ધસરકારી સંસ્થાઓ, ઓર્ગેનાઇઝર્સ/ ડેવલપર્સ/ સંસ્થા/ હોલસેલ-રીટેલ માર્કેટ/બેંક / ધંધા સાથે સંકળાયેલ વેપારીઓ/વ્યકિતઓ વિગેરે અરજી કરી જાહેર હરાજીમાં ભાગ લઇ શકશે.

૧. જાહેર હરાજીનું સ્થળઃ મહાત્મા ગાંધીનગર ગૃહ, વડોદરા (ફેરફારને પાત્ર)

૨. જાહેર હરાજીમાં ભાગ લેવા અર્નેસ્ટમની ડીપોઝીટ ભરવાની છેલ્લી તારીખઃ **૦૩ /૦૯/૨૦૧૯ (મંગળવાર)** બપોરના ૨:૦૦ કલાક સુધી

૩. જાહેર હરાજીની તારીખઃ **૧૦ /૦૯ /૨૦૧૯(મંગળવાર)**

સમય :- બપોરે : ૧૨ કલાકે

હરાજીમાં ભાગ લેવા માટેની અરજીનું ફોર્મ તથા વધુ વિગતો/માહિતી વડોદરા મહાનગરપાલિકા સ્થિત રૂમ નંઃ ૨૦૩, જમીન મિલ્કત શાખા(કોર્મ), ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા, ગુજરાત-૩૯૦ ૨૦૯ ની કચેરીમાંથી ૧૧:૦૦ થી ૨:૦૦ કલાક દરમ્યાન તે અંગેની નિયત ફી રૂા.૧૦૦/- રોકડા ભરેથી મળી શકશે.

વધુ વિગતો માટે ફોન નં. (૦૨૬૫) ૨૪૩૩૩૮૮, ૨૪૩૩૧૧૬, ૨૪૩૩૩૧૮ (એક્ષ્ટેન્શન-૩૦૮) તથા વેબ સાઇટ www.vmc.gov.in પર જોવા વિનંતી છે.

પી.આર.ઓ. નં. ૩૩૧ /૨૦૧૯-૨૦ મ્યુનિસિપલ કમિશનર

# પરિશિષ્ટ–અ
# વડોદરા મહાનગરપાલિકા
### જમીન મિલ્કત શાખા (કોમર્શીયલ)

## પ્લોટ/સબપ્લોટની જમીન વેચાણથી મેળવવાની જાહેર હરાજીની શરતો
### ટી.પી. સ્કીમ હેઠળના વિવિધ હેતુ માટેના જેતે યુઝ ઝોન હેઠળના અંતિમ ખંડ (ફાયનલ પ્લોટ) વેચાણથી જાહેર હરાજીથી મેળવવાની શરતો

વડોદરા મહાનગરપાલિકા હસ્તકના વિવિધ ટી.પી.સ્કીમોના અંતિમ ખંડ (ફાયનલ પ્લોટ) વેચાણ થી જાહેર હરાજીમાં મેળવવા હરાજીમાં ભાગ લેનારે નીચે મુજબની શરતોનો અમલ કરવાનો છે.

૧. (અ) અર્નેસ્ટમની ડીપોઝીટ– હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા બીડરે તમામ પ્લોટોમાં બોલી બોલવાના અધિકાર માટે રૂા.૧૦,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ લાખ પુરા) ભરવાના રહેશે.

(બ) ઉપરોકત ભરેલ રકમ સફળ બીડરને ૯૦% પ્રિમિયમની રકમ સામે મજરે આપવામાં આવશે.

૨. (અ) અર્નેસ્ટમની ડીપોઝીટ ભરવાની છેલ્લી તારીખ:–

(બ) હરાજીની તારીખ અને સમય :–

ક) જાહેર હરાજીનું સ્થળ :–

૩. રજીસ્ટ્રેશન ફીની રકમ :– બીડમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન પેટે રૂા.૫૦૦/– રોકડા અગર તો ડીમાન્ડ ડ્રાફટથી ભરવાના રહેશે. આ રકમ કોઇપણ બીડરને પરત ચુકવવામાં આવશે નહી.

૪. ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ના પરીપત્ર (ડીસ્પોઝલ ઓફ લેન્ડ એન્ડ અધર પ્રોપર્ટીઝ ) રેગ્યુલેશન ની નીતિ ધ્યાને લઇને નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે તેમજ સદર પ્રવર્તમાન નીતિ નું ચુસ્તપણે પાલન કરવામાં આવશે.

૫. હરાજીના સ્થળે સમયસર હાજર રહેવાનું રહેશે. હરાજીમાં ભાગ લેવા બીડર સાથે માત્ર એક જ ઇસમને હરાજીના સ્થળે પ્રવેશ આપવામાં આવશે. જેઓનુ ડીકલેરેશન રજીસ્ટ્રેશન સમયે પુરાવો (ઓળખ સહિત) આપવાનો રહેશે. (નિયત નમુનાનું અરજી ફોર્મ તથા સોગંદનામાનો નમુનો આ સાથે સામેલ છે.)

૬. (૧) જાહેર હરાજીમાં ભાગ લેનાર સંસ્થા/કંપની/વ્યકિતના કિસ્સામાં બીડર વતી બોલી બોલનાર વ્યકિતએ નીચે જણાવેલ દસ્તાવેજો રજુ કરવાના રહેશે. (નિયત નમુનાનું અરજી ફોર્મ તથા સોગંદનામાનો નમુનો આ સાથે સામેલ છે.)

અ) નોટરાઇઝ કરેલ લેટર ઓફ ઓથોરીટી

બ) ફર્મ્ અગર કંપની હોય તો તેના બંધારણની નોટરાઇઝ નકલ.

ક) ફોટો આઇડેન્ટી કાર્ડ નોટરાઇઝ કરેલ તથા અસલ (અસલ પરત આપવામાં આવશે) આધાર કાર્ડ/પાન કાર્ડની નકલ સામેલ રાખવી

ડ) ડીપોઝીટ ભરવા માટેની નિયત નમુનાનું અરજી ફોર્મ આ સાથે સામેલ છે.

ઇ) રજીસ્ટ્રેશન કરાવતી વખતે પુરેપુરૂ નામ, સરનામુ, ટેલીફોન નંબર, (બેઝીક લેન્ડ લાઇન તથા મોબાઇલ) તથા ફેકસ નંબર અને ઇ–મેઇલ એડ્રેસ આપવાનું રહેશે.

(૨) બીડર સ્વયં બોલી બોલનાર હશે તો ફોટો આઇડેન્ટીટી કાર્ડ પોતાનું રજુ કરવાનું રહેશે. (નોટરાઇઝ કરેલ તથા અસલ) (અસલ પરત આપવામાં આવશે)

૭. હરાજીમાં ભાગ લેનાર ઈસમ/સંસ્થા નાદાર ન હોવી જોઈએ તેમજ ભારતીય કાયદા મુજબ કરાર કરવા સક્ષમ હોવી જોઈએ.

૮. હરાજીના સ્થળ, સમય તારીખમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર મ્યુનિ.કમિશનરશ્રી, વડોદરાનો રહેશે. જો કે આ અંગેની સુચનાઓ બીડરને પર્યાપ્ત સમયગાળો રાખીને આપવામાં આવશે.

૯. મહત્તમ બોલી કોઈપણ કારણ આપ્યા સિવાય સ્વીકારવાનો અથવા નકારવાનો અબાધિત અધિકાર વડોદરા મહાનગરપાલિકાનો રહેશે અને તે છેવટનો અને તમામ બીડરને બંધનકર્તા રહેશે.

૧૦. જાહેરાતમાં દર્શાવ્યા મુજબના પ્રતિ.ચો.મી. પ્રમાણે અપસેટ વેલ્યુના દર કરતા ઓછા દરની બોલીની રકમ બોલી શકાશે નહી.

૧૧. હરાજીમાં બોલી પ્રતિ ચો.મી. પ્રમાણે બોલવાની રહેશે. અને તે પ્રતિ ચો.મી. માટે **રૂા.૧૦૦/-** ના ગુણાંકમાં બોલવાની રહેશે.

૧૨. જાહેર હરાજીમાં સફળ થનાર ઈસમ/સંસ્થાએ પ્લોટની હરાજીમાં બોલેલી વેચાણની કુલ કિંમત જે થાય તે રકમ ના ૧૦ ટકા રકમ માંગણા નોટીસ જારી થયેલી દિન-૨૦ માં ભરવાની રહેશે. દિન-૨૦ માં ૧૦ ટકા પ્રમાણે રકમ નહી ભરનાર ઈસમ/સંસ્થાની જાહેરાતની સામાન્ય શરત અનુ.નં.૧ (અ)માં દર્શાવેલી અને જમા કરેલી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૧૩. પ્લોટની થતી કુલ વેચાણની રકમ પૈકી બાકી રહેતી રકમના ૪૦% રકમ માંગણાની નોટીસ જારી થયેથી દિન-૯૦ માં જમા કરાવવાની રહેશે. તેમજ બાકી રહેતી ૫૦% રકમ દિન-૧૮૦ માં પુરે પુરી ભરપાઈ કરવાની રહેશે. જો સદર વેચાણ કિંમત કોઈ વ્યાજબી કારણોસર ભરવામાં વિલંબ થાય તેમ હોય તો પુરતા વ્યાજબી કારણો પુરાવા સહ રજુ કર્યેથી વધુમાં વધુ બીજા દિન-૬૦ નો વધારો કરી આપવામાં આવશે.૧૮૦ દિવસની મુદત પુરી થાય તે તારીખથી ૧૮%વ્યાજ આપવાનું રહેશે. બીજા દિન-૬૦ ની મુદત વીતે બાકી રહેલ વેચાણની રકમ ચુકતે ન થવાના કિસ્સામાં ભરપાઈ કરેલી ડીપોઝીટની રકમ જપ્ત કરી બોલી રદ ગણવામાં આવશે.

૧૪. વડોદરા મહાનગરપાલિકામાં વેચાણ ની પુરે પુરી કિંમત વસુલ આવ્યા બાદ જાહેર હરાજીમાં સફળ થયેલ વ્યકિત/સંસ્થાના નામે જ જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે.

૧૫. જાહેર હરાજીમાં સફળ નહીં થનાર ઈસમ/સંસ્થા એ અસલ પાવતી સાથે તથા રેવન્યુ ટિકિટ લગાવેલી અને સહી કરેલી એડવાન્સ પાવતી સાથે અરજી કર્યેથી તેઓએ ભરેલી ડીપોઝીટની રકમ તેઓની અરજી આધારે વ્યાજ સિવાય, ડીપોઝીટની અરજી વખતે આપના દ્વારા જણાવેલ બેંક ખાતામાં જમા કરવામાં આવશે, તે માટે ઈ.સી.એસ. ની જરૂરી માહિતી આપવાની રહેશે.

૧૬. બાંધકામ સંદર્ભેના અન્ય પરિમાણો (પેરામીટર્સ) અમલી G.D.C.R. મુજબના હશે તે લાગુ પડશે.

૧૭. જમીન ઉપર બાંધકામ, બાંધકામ પરવાનગી શાખા દ્વારા મંજુર કરતા અમલી G.D.C.R. મુજબના નિયમો અનુસાર પૂર્વ મંજુરીથી કરવાનું રહેશે .

૧૯. અપાયેલ ટી.પી.સ્કીમના અંતિમ ખંડમાં (ફાયનલ પ્લોટમાં) સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો મુજબ વિકાસ યોજનાની જોગવાઈ મુજબ બાંધકામ અંગેની મંજૂરી આપવામાં આવશે.

૨૦. જમીન ઉપર બાંધકામ વખતે જો કોઈને કામ દરમ્યાન નુકશાન કે ઈજા કે જાનહાની થશે કે અન્ય જે કોઈ જવાબદારી ઉભી થશે, તો તેની સર્વે જવાબદારી વેચાણ રાખનારની રહેશે. વડોદરા મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી .

૨૧. ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની જે તે સમયે નક્કી થયેલ રકમ જે તે પ્લોટ માટે સફળ થયેલ બીડરે જ ભરવાની રહેશે. સદર રકમ ભરવા માટેની નોટીસ જમીન મિલકત શાખા (ટી.પી.) તરફથી જારી કરવામાં આવશે. ત્યારબાદ જમીનનો કબજો સોંપવામાં આવશે.

૨૨. સદર જમીન અંગે એન.એ/એન.ઓ.સી વિગેરેની જરૂરી પરવાનગી બીડરે પોતાના ખર્ચે મેળવવાની રહેશે. આ અંગેના વડોદરા મહાનગરપાલિકા હસ્તકના જરૂરી દસ્તાવેજી પુરાવા આપવામાં આવશે.

૨૩. જમીન વેચાણ રાખવા ઈસમ/સંસ્થાએ દસ્તાવેજ/કરારનો ખર્ચ જાતે ભોગવવાનો રહેશે. તેમજ જમીનનો કબજો સોપ્યા તારીખથી વડોદરા મહાનગરપાલિકા, સરકારશ્રી કે અન્ય સંસ્થાઓના જે કાંઇ વેરા,ટેક્ષ, લાગત, મહેસુલ જમીન વિકાસ ફાળો , દર વિગેરે ભરવાના થાય તે વેચાણ રાખનારે ભરવાના છે. તથા તે બાબતે જે કાંઇ શરતોનો જે તે વિભાગથી અમલ કરવાનો થાય તેનો અમલ કરવાનો રહેશે.

૨૪. પ્લોટ અંગે કરવાના કરાર કે તેના કોઇપણ ભાગ , શરતો અંગે કોઇપણ પ્રશ્ન કે મતભેદ ઉભા થવાના પ્રસંગે તેનો નિર્ણય બંન્ને પક્ષકાર દ્વારા માન્ય રખાયેલ આર્બીટ્રિટરશ્રી કરશે.

૨૫. સ્થળ પર કબજો સોંપતા પ્લોટના માપમાં ફેરફાર જણાશે તો તે મુજબ વેચાણ રકમની ગણતરી કરવાની રહેશે. આ અંગે નાણાંની આપવા અથવા લેવાના થાય તો વિના વ્યાજે ગણતરી કરવાની રહેશે.

૨૭. જે બીડરને માર્ગદર્શક સંપુર્ણ નકશા જોઇતા હશે તેની નિયમાનુસારની લાગત ઈલાયદા ભરવાની રહેશે.

૨૮. વેચાણ લીધેલ જમીન ઉપર બાંધકામ માટે લાઇટ, ડ્રેનેજ, પાણી વગેરેના કનેકશનો કોઇ સુવિધા લેવાની હશે તે તથા બીજી કોઇપણ સુવિધા જમીન વેચાણ રાખનારે નિયમ પ્રમાણે લાગત ભરપાઇ કરીને લેવાની રહેશે .

૩૦. જાહેર હરાજીમાં ભાગ લેનાર ઈસમ/સંસ્થાને હરાજીની તમામ શરતો બંધનકર્તા રહેશે. તે સંદર્ભે ભાગ લેનારે હરાજીના સ્થળે દાખલ થતા અગાઉ તમામ શરતો કબૂલ મંજુર હોવા વિષે નમુના મુજબનું સોંગદનામું આપવાનું રહેશે.

૩૧. ઉપરોક્ત દર્શાવેલ વિગતે ભરવાની સદર રકમ “મ્યુનિસિપલ કમિશ્નર, વડોદરા” ના નામના રાષ્ટ્રીયકૃત બેંકના વડોદરામાં ચુકવણી થાય તેવા ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરવાના રહેશે.

મ્યુનિસિપલ કમિશનર
વડોદરા મહાનગરપાલિકા

# વેચાણ દસ્તાવેજ રૂ...................../– પુરાનો

સંવત ૨૦૭૪ ના ............. ના .............વાર તારીખ .................. ના રોજ આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર શ્રી ...................................................................... ઉ.વ. .......... આશરે વ્યવસાય .................. રહેવાસી ઠેકાણું ............................ જેમને આ કરારમાં હવે પછી વેચાણ રાખનાર પ્રથમ પક્ષકાર તરીકે સંબોધવામાં આવશે તે શબ્દના અર્થમાં વેચાણ રાખનાર સંસ્થા તથા તેમના વખતો વખતના સક્સેસરો, અને જે તે વખતના તમામ એસાઈનીઓ, એક્ઝીક્યુટર્સ વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જોગ આ કરાર લખી આપનાર વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તરફે અને વતી શ્રી ..........................................જમીન મિલકત અધિકારી (કોમ.) ઉ.વ.આ. ..........વ્યવસાય–નોકરી રહેવાસી વડોદરા ઠેકાણું ખંડેરાવ માર્કેટ, વડોદરા કે જેઓને આ કરાર કરવા મ્યુનિસિપલ કમિશનર શ્રી, વડોદરા મહાનગરપાલિકા એમણે ડેલીગેશન ઓફ પાવર્સના ઓર્ડર નં. ૪/૨૦૧૧–૧૨/ તા. ૦૭–૦૨–૨૦૧૨ થી અધિકૃત કરેલા છે. તથા તેઓને આ કરારમાં હવે પછી જમીન વેચાણ આપનાર બીજા પક્ષકાર તરીકે સંબોધવામાં આવશે તે શબ્દના અર્થમાં વેચાણ આપનાર પોતે તથા તેમના ઉત્તરાધિકારીઓનો સમાવેશ થાય છે.

જત આ કરાર અમો બીજા પક્ષવાળા તમો પ્રથમ પક્ષવાળાને લખી આપીએ છીએ કે, ટી.પી. સ્કીમ નં. .......કે જે બોમ્બે ટાઉન પ્લાનીંગ એક્ટ ૧૯૫૪(હવે ગુજરાત ટાઉન પ્લાનીંગ અને અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ તરીકે ઓળખાય છે.) તે હેઠળ બનાવવામાં આવેલ છે અને તેનો આખરી ખંડ (ફાયનલ પ્લોટ) નં ........ કે જે ............ હેતુ માટે નિર્ધારીત થયેલ છે. અને તે યોગ્ય સત્તા મંડળને કોઈપણ બોજા રહીત નીહીત થયેલ છે.

અને જ્યાં બોમ્બે ટાઉન પ્લાનીંગ એક્ટ ૧૯૫૪ ની કલમ–૬ કે જે હવે ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ તરીકે ઓળખાય છે. તેના એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી તરીકે વેચાણ આપનાર નમુદ થયેલ છે. અને ઉપરોક્ત દર્શાવ્યા મુજબના હેતુ માટેની જમીન તેઓ ધરાવે છે. તથા તે જમીન ઉપર ................... હેતુનુ બાંધકામ નિયમાનુસારની મંજુરીઓ મેળવ્યા બાદ કરી શકવાની ખાત્રી વેચાણ આપનાર આપે છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિવિશ ટી.પી.સ્કીમોમાં આવેલા ફાયનલ પ્લોટો કે જેની માલિકી વડોદરા મહાનગરપાલિકાની છે. તેવા કોર્મશીયલ/સ્કુલ/હેલ્થ/બાલમંદિર/ટ્રાન્સપોર્ટ ફેસીલીટી પ્લોટો પૈકી ................ પ્લોટો જાહેર હરાજી દ્વારા અવેજની પુરેપુરી રકમ વસુલ લઈને વેચાણ થી ફાળવવા પી.આર.ઓ.નં....................../તા.– –૨૦ થી દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવામા આવેલી તેના અનુસંધાનમાં તા. / /૨૦ ની જાહેર હરાજીમાં ભાગ લેવા નિયમ અનુસાર ડીપોઝીટની રકમ રૂ................../– (અંકે રૂપિયા ..........................પુરા) પાવતી નંબર ..................તા. ....................થી ભરપાઈ કરી જાહેર હરાજીમાં ટી.પી. સ્કીમ નં. .........ના ફા. પ્લોટ નં. ........... કે જેનું ક્ષેત્રફળ ............ ચો.મી. છે. તે પૈકી ............ચો.મી. જમીન કે જેનો હેતુ ટી.પી. સ્કીમની જોગવાઈઓ મુજબ (જાહેરાતના કોલમ નં. ૭ માં જે હેતુ લખેલ હોય તે હેતુ લખવો) તરીકેનો છે. તે પ્લોટની પ્રતિ ચો.મી. દીઠ મીનીમમ અપસેટ વેલ્યુ રૂ. ............./– (અંકે રૂપિયા .............પુરા) ની સામે સૌથી વધુ બોલીની રકમ રૂ. ............../– (અંકે રૂપિયા .............પુરા) પ્રતિ ચો.મી. પ્રથમ પક્ષકાર દ્વારા બોલવામાં આવેલ. તેના અનુસંધાને પ્રથમ પક્ષકારે નિયમ મુજબ બોલીની થતી કુલ પ્રિમીયમની રકમ રૂ. ..........(અંકે રૂપિયા .................. પુરા) ના ૧૦% રકમ રૂપિયા................ (અંકે રૂપિયા .............પુરા) મુદતમાં વડોદરા મહાનગરપાલિકા માં જમા કરાવેલી છે.

સદર જમીનના મૂલ્યાંકન અંગેની વિગતવાર દરખાસ્ત નં.મુક/સંકલન/જ.મી./એસ/જીબી/ ......./તા. ...........થી બહાલી મેળવવા વડોદરા મહાનગરપાલિકા ની સ્થાયી સમિતી મારફતે સામાન્ય

સભામાં રજુ કરવામાં આવેલી. આ દરખાસ્તને વડોદરા મહાનગરપાલિકા ની સ્થાયી સમિતિએ ઠરાવ અંક ....../તા. ........થી મંજૂરી રાખવા અભિપ્રાય આપેલ હોઈ અને તેને સામાન્ય સભા ઠરાવ અંક ....../તા. ........થી મંજૂરી મળેલી છે તે મુજબ જમીન મિલકત શાખા (કોર્મ.) ના એલોટમેન્ટ લેટર જ.મી.જા.નં. ........../તા. ........... થી .............. ચો.મી. જમીનનો ફાળવણીપત્ર, અરજદારને મોકલી આપેલ તે પત્રની શરત મુજબ, અવેજની પુરેપુરી રકમ નીચેની વિગતે વડોદરા મહાનગરપાલિકા માં વસુલ આવેલ છે.

**<u>અવેજના નાણાં ભરેલાની વિગત.</u>**

મોજે..... ,ટી.પી.સ્કીમ નં.......... ના ફા.પ્લોટ નં. ની જમીન પૈકી ...... ચો.મી. જમીન વેચાણથી મેળવવાની જાહેર હરાજીમાં બોલેલી મહત્તમ બોલી પ્રતિ ચો.મી. રૂા............ મુજબ કુલ અવેજની રકમ રૂા........... (અંકે ....................................) નીચે મુજબની વિગતે ભરપાઇ કરેલ છે.

| **અનું** | **અવેજની રકમ ભર્યાની વિગત** | **પાવતી નંબર** | **તારીખ** | **રકમ<br>રૂ.** |
|---|---|---|---|---|
| ૧. | ૧૦% અવેજની રકમ | | | |
| ૨. | ૪૦ % અવેજની રકમ | | | |
| ૩. | અ) અર્નેસ્ટમની ડીપોઝીટ<br>બ) કુલ અવેજની કુલ રકમમાંથી ૫૦% રકમ માથી ડીપોઝીટની રકમ બાદ કરતા બાકીની રકમ | | | |
| ૪ | વિલંબિત ચુકવણી માટેનું વ્યાજ | | | |
| ૫ | અવેજની કુલ કિંમત | | | |

**(અંકે રૂપિયા--------------)વડોદરા મહાનગર પાલિકામા જમા કરાવેલા છે.**

ઉપરોકત વિગતે રકમ વસુલ આપેલ હોઇ વેચાણ થી ટી.પી.સ્કીમ નં. ના ફા.પ્લોટ નં. પૈકીની......... ચો.મી. જમીન મેળવવા તથા નીચે જણાવેલ શરતોનો અમલ કરવા અમો વેચાણ રાખનાર પ્રથમ પક્ષકાર અને તેમના વખતો વખતના , એસાઈનીઓ, એકઝીકયુટર્સ, સકસેસરો તમામને બંધનકર્તા છે અને રહેશે.

## વેચાણ દસ્તાવેજની શરતો

૧. ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્મ ણ વિભાગ ના પરીપત્ર શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોના (ડિસ્પોઝલ ઓફ લેન્ડ એન્ડ અધર પ્રોપટીઝ) રેગ્યુલેશન મુજબ વડોદરા મહાનગર પાલિકાને સંપ્ર પ્ત થયેલ ટી.પી. સ્કીમ હેઠળ ના પ્લોટો, માલિકીના પ્લોટો/ જમીનો નો નિકાલ કરવા વિસ્તુત દરખાસ્ત મુક/સંકલન/જ.મી.(કોર્મ)/એસ/જીબી/૩૧૩/૧૮-૧૯ તા ૦૪-૧૨-૨૦૧૮ થી બહાલી મેળવવા વડોદરા મહાનગરપાલિકા ની સ્થાયી સમિતી મારફતે સામાન્ય સભામાં રજુ કરવામાં આવેલી હતી. આ દરખાસ્તને વડોદરા મહાનગરપાલિકા ની સ્થાયી સમિતિ ઠરાવ અંક ૩૩૯ તા. ૨૦/૧૨/૨૦૧૮. થી અને સામાન્ય સભા ઠરાવ અંક ૧૬૨ તા.૧૧/૦૨/૨૦૧૯ થી મંજૂરી મળેલી છે સદર પરીપત્ર મુજબ વડોદરા મહાનગર પાલિકા દ્વારા વેલ્યુએશન કમિટી ઠરાવ નં ૨૩૬/૨૦૧૮-૧૯ તા ૦૫/૦૩/૨૦૧૯ થી ટી.પી. ના પ્લોટો /માલિકીની જમીનો વેચાણ કરવા ઠરાવવામાં આવેલ હતુ તે મુજબ સદર વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવે છે.

૨. તમો બીજા પક્ષકારની માલીકીની જમીન ટી.પી.નં........... ના ફા.પ્લોટ નં.................. પૈકીની છે. જેનું ક્ષેત્રફળ ચો.મી. ...... છે. ટી.પી.સ્કીમની જોગવાઇઓ મુજબ આ જમીનમાં

................................ હેતુ માટે બાંધકામ કરવાની જોગવાઇ છે. તે પૈકી.......... ચો.મી. જમીન .................................. હેતુ માટે અમો પ્રથમ પક્ષવાળાએ વેચાણથી રાખેલી છે.

૩. ઇન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની જેતે સમયે નકકી થયેલ રકમ પ્રથમ પક્ષકારે જ ભરવાની રહેશે સદર રકમ ભરવા માટેની નોટીસ, જમીનનો પ્રત્યક્ષ કબજો સોપ્યા બાદ, જમીન મિલ્કત શાખા (ટી.પી) તરફથી જારી કરવામાં આવશે.

૪. જમીન વેચાણ રાખનાર ઇસમ/સંસ્થાએ દસ્તાવેજ/કરાર નો ખર્ચ જાતે ભોગવવાનો રહેશે. તેમજ જમીનનો કબજો સોપ્યા તારીખથી , વડોદરા મહાનગરપાલિકા, સરકારશ્રી કે અન્ય સંસ્થાઓના જે કાંઇ વેરા, ટેક્ષ, લાગત, મહેસુલ, જમીન વિકાસ ફાળો, દર વિગેરે ભરવાના થાય તે અમો પ્રથમ પક્ષકારે ભરવાના છે. તથા તે બાબતે જે કાંઇ શરતોનો જે તે વિભાગથી અમલ કરવાનો થાય તેનો અમલ કરીશુ.

૫. અમો પ્રથમ પક્ષવાળાએવેચાણ રાખેલ જમીન ઉપર મહાનગરપાલિકાના બાંધકામ પરવાનગી ખાતામાં પ્લાન મંજુર કરાવી મહાનગરપાલિકાના વખતો વખતના બાંધકામના પ્રવર્તમાન નિયમો અને ધારા ધોરણ મુજબ સબંધિત ખાતાની પરવાનગી લઇને મકાનનું બાંધકામ અમો પ્રથમ પક્ષકારે પોતાના ખર્ચે અને જોખમે કરવાનુ રહેશે. તેમા વેચાણ આપનાર મહાનગરપાલિકાની કોઇ જવાબદારી નથી.

૬. બાંધકામ દરમ્યાનની કોઇપણ દુર્ઘટનાની તમામ લાગત વળગતા પ્રત્યેની જવાબદારી વળતર ચુકવવાસહની પ્રથમ પક્ષવાળાની રહેશે.

૭. સુપર સ્ટ્રકચર ઉભુ થયા બાદ કોઇપણ દુર્ઘટના સદર સ્ટ્રકચરને કારણે થાય તો તેની પણ લાગતા વળગતા પ્રત્યેની તમામ જવાબદારી વળતર ચુકવવા સહની પ્રથમ પક્ષવાળાની રહેશે.

૮. સદર જમીન અંગે એન.એ./એન.ઓ.સી. વિગેરેની જરૂરી પરવાનગી બીડરે પોતાના ખર્ચે મેળવવાની રહેશે. આ અંગેના મહાનગરપાલિકા હસ્તકના જરૂરી દસ્તાવેજો પુરાવા આપવામાં આવશે.

૯. અમો પ્રથમ પક્ષવાળાએ વેચાણ રાખેલ જમીન (જાહેરાતના કોલમ નં.૭ માં જે હેતુ લખેલ હોય તે હેતુ લખવો) ના હેતુ ના બાંધકામ માટે જ રાખેલી હોઇ તેનો (જાહેરાતના કોલમ નં ૭ માં જે તે હેતુ લખેલ હોય તે હેતુ લખવો) હેતુ તરીકે જ ઉપયોગ કરશુ. અન્ય કોઇ હેતુ માટે ઉપયોગ કરીશું નહીં.

૧૦ ટી.પી.સ્કીમના (જાહેરાતના કોલમ નં.૭ માં જે હેતુ લખેલ હોય તે હેતુ લખવો) હેતુના પ્લોટોમાં મળવાપાત્ર બાંધકામમાં ટી.પી.સ્કીમની જોગવાઇઓ અને વિકાસની જોગવાઇઓમાં વિસંગતતા થાય તો સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમોના નિયમ નં. ૪(૩) મુજબ સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો આખરી ગણાશે તેમજ તે જોગવાઇઓ મુજબ બાંધકામ અંગેની મંજુરી આપવામાં આવશે.

૧૩. અમો પ્રથમ પક્ષવાળાએ વેચાણ રાખેલી જમીન બાબતે જે શરતો બીજા પક્ષકાર, મહાનગરપાલિકાએ આ કરારમાં ઠરાવી છે તે શરતો અમો પ્રથમ પક્ષકારને બંધનકર્તા રહેશે અને તેનુ પાલન કરવાની જવાબદારી વેચાણ રાખનારની છે. અમોને એલોટમેન્ટ લેટર જ.મી.જા.નં.......... તા........ થી આપવામાં આવેલો છે. તે આ કરારનો એક ભાગ ગણાશે. તેમા જણાવેલ તમામ શરતોનું પાલન કરીશુ. તથા તે અમોને બંધનકર્તા રહેશે.

૧૪. અમો પ્રથમ પક્ષવાળાને વેચાણ આપેલી જમીન ઉપર બાંધકામ માટે તથા લાઇટ, ડ્રેનેજ, પાણી વિગેરેના જે જોડાણ વિગેરે જે કોઇ સુવિધાઓ લેવાની હશે તે તથા બીજી કોઇપણ સુવિધાઓ અમો વેચાણ રાખનાર નિયમ પ્રમાણે લાગત ભરીને લઇશુ.

૧૭. વેચાણ આપનાર વડોદરા મહાનગરપાલિકાને ઇન્કમટેક્ષ કલીયરન્સ સર્ટીફીકેટ રજુ કરવાની જરૂરીયાત હોતી નથી તેમ છતા રજીસ્ટ્રારશ્રી તરફથી આ બાબતે જે સ્પષ્ટીકરણ માગશે તે આપવામાં આવશે.

૧૮. પ્લોટ અંગેના કરાર કે તેના કોઇપણ ભાગ/શરતો અંગે કોઇપણ પ્રશ્ન કે વિવાદ કે મતભેદ ઉભા થવાના પ્રસંગે તેનો નિર્ણય બંને પક્ષકાર દ્વારા માન્ય રખાયેલ આર્બીટ્રિટરશ્રી કરશે. આર્બીટ્રિટરશ્રીની તમામ પ્રકારની ફી ચુકવવાની જવાબદારી બંને પક્ષકારોની ૫૦% – ૫૦% ની રહેશે.

૧૯. જાહેર હરાજીમાં ભાગ લેતી વખતે નકકી કરેલ જાહેર હરાજીની તમામ શરતો જમીન વેચાણ રાખનારને બંધનકર્તા રહેશે અને તે આ વેચાણ દસ્તાવેજ નો એક ભાગ ગણાશે.

## વેચાણ આપેલ મિલકતની વિગત

મોજે ............. વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશન ની ટી.પી.સ્કીમ નં............ ના ફા.પ્લોટ નં..................... પૈકીની ................... ચો.મી. જમીન કે જેનો રે.સ.નં......................... અને જે .............................................. ખાતે આવેલી છે. તે આ સાથેના નકશામાં લાલરંગથી દર્શાવી છે. તેની ચતુઃસીમા નીચે મુજબ છે.

પૂર્વઃ –
પશ્ચિમેઃ –
ઉત્તરેઃ –
દક્ષિણેઃ –

ઉપર પ્રમાણેની જમીન અમોએ પ્રથમ પક્ષવાળાએ તમો બીજા પક્ષવાળા પાસેથી વેચાણથી રાખેલી છે.

અત્રે ------------ મતુ

અત્રે------------શાખ

----------------- સાક્ષી

--------------
જમીન મિલકત અમલદાર(કોર્મ)
વડોદરા મહાનગરપાલિકા

(૧) --------------

--------------

(૨) --------------

વેચાણ લેનાર સંસ્થાના સહી સિકકા.

# કંપની/વ્યકિતગત માટે લેટરપેડ ઉપર ડીપોઝીટ ભરવા અરજી કરવાનું ફોર્મ

પ્રતિ,
જમીન મિલ્કત અમલદારશ્રી
જમીન મિલકત શાખા (કોમર્શીયલ),
ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ,
વડોદરા.

વિષયઃ વડોદરા મહાનગર પાલિકાનો પ્લોટ /સબ પ્લોટ વેચાણ થી મેળવવા
જાહેર હરાજીમાં ભાગ લેવાની ડીપોઝીટ ભરવા માટેની અરજી.

શ્રીમાન,

અમો વડોદરા મહાનગરપાલિકા તરફથી અપાયેલ જાહેરાત ક્રમાંકઃPRO No............... તા................. મુજબ જાહેરાતમાં દર્શાવેલ પ્લોટો માટે યોજાયેલ જાહેર હરાજીમાં બોલી બોલવા માંગીએ છીએ. અમોતે માટેની રજીસ્ટ્રેશન ફી તથા હરાજીમાં ભાગ લેવાની ડીપોઝીટની રકમ નીચેની વિગતે ભરપાઇ કરવા માંગીએ છીએ.

૧) ડીપોઝીટની રકમ પેટે રૂા.____________/-(અંકે રૂપિયા ___________લાખ પુરા) નો મ્યુનિસિપલ કમિશનર, વડોદરા મહાનગરપાલિકાના નામનો ડીડી/બેંકર્સ ચેક આ સાથે સામેલ કરીએ છીએ.

૨) રજીસ્ટ્રેશન ફી પેટે રૂા. ૫૦૦/- નો મ્યુનિસિપલ કમિશનર, વડોદરા મહાનગરપાલિકાના નામનો ડીડી/બેંકર્સ ચેક આ સાથે સામેલ કરીએ છીએ.(અથવા રોકડા ભર્યાની પાવતીની નકલ )

૩) હરાજીમાં અમો તથા અમારા એક ઇસમ /પ્રતિનિધ હાજર રહેશે. જેની વિગત નીચે મુજબ છે.

- મુળ બિડરનુ નામ , ફોટો આઇ.ડી ની વિગત.(આધાર કાર્ડ,પાન કાર્ડ ની નકલ)
- સાથે આવનાર ઇસમ/પ્રતિનિધિનું નામ , ફોટો આઇ.ડી ની વિગત. (આધાર કાર્ડ,પાન કાર્ડ ની નકલ)

૪) જે ઇસમ/સંસ્થા વતી બીડ કરવાની છે તેનું નામ, સરનામુ, ટેલીફોન નંબર, મોબાઇલ નંબર, ફેકસ નંબર, ઇમેઇલ એડ્રેસની વિગત નીચે મુજબ છે.

નામ:-

સરનામુ:-

૫) સામેલઃ ડોકયુમેન્ટનું લીસ્ટ

૧)
૨)
૩)
૪)

સ્થળઃ .................. સહી....................

તારીખઃ / /૨૦૧૯ ( )

સિકકો

## રૂા.૩૦૦/– ના દસ્તાવેજી સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝ કરવુ.

## ટી.પી.ના પ્લોટ /જમીન વેચાણથી મેળવવા બાબતનું સોગંદનામુઃ

અમોશ્રી..........................................................................,
ઉ.વ.આ........... ધંધો.................... રહે.......................................................... આથી અમારા ધર્મના સોગંદ પર જાહેર કરીએ છીએ કે,

૧) અમો ............................................... સંસ્થાના અધિકૃત પ્રતિનિધિ તરીકે વડોદરા મહાનગરપાલીકાની જાહેરાત ક્રમાંકઃ પી.આર.ઓ.નં........................................ ની સંદેશ, ગુજરાત સમાચાર દૈનિક સમાચારપત્રમાંની જાહેરાત સંદર્ભે ટી.પી.ના પ્લોટો/જમીન વેચાણ થી મેળવવાની જાહેર હરાજીમાં બોલી બોલવા અમે આ સોગંદનામુ કરવા અધિકાર ધરાવીએ છીએ.

૨) પી.આર.ઓ.નં.............. ની જાહેરાત, જાહેરાતની શરતો, જાહેર હરાજીની શરતો, વેચાણ દસ્તાવેજ ની શરતો, અમોએ તથા અમારી સંસ્થાએ વાંચી છે. સમજી છે અને તે અંગે અમો તથા અમારી સ્ંસ્થાને કોઇ વાંધો વિરોધ નથી.

૩) સદર જાહેરાતની શરતો, હરાજીની શરતો તથા દસ્તાવેજ ની શરતો અમોને તથા અમારી સંસ્થાને કબુલ મંજુર અને બંધનકર્તા છે તથા તે પ્રમાણે વર્તવા અમો તથા અમારી સંસ્થા બંધાઇએ છીએ.

ઉપરોકત વિગત અમારી જાણ મુજબ અને રેકર્ડ મુજબ ખરી છે. અને તે અંગે અમોએ આ સોગંદનામુ કોઇપણ જાતના દબાણ વગર , સભાન અવસ્થામાં, શુઘ્ઘબુઘ્ઘિથી કરી આપીએ છીએ.

સ્થળઃ ..................

તારીખઃ / /૨૦૧૯ સિકકો

સહી

(............................)

## વ્યકિતગત

## રૂા.૩૦૦/– ના દસ્તાવેજી સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝ કરવુ.

## જમીન મેળવવા બાબતનું સોગંદનામુઃ

અમોશ્રી ..........................................., ઉ.વ.આ....... ધંધો........... રહે....................................... આથી અમારા ધર્મના સોગંદ પર જાહેર કરીએ છીએ કે,

૧) અમોએ વડોદરા મહાનગરપાલિકાની જાહેરાત ક્રમાંકઃ ........................... ..................... દૈનિક વર્તમાનપત્રમાંની જાહેરાત સંદર્ભે હરાજીમાં બોલી બોલવા અને આ સોગંદનામુ કરવા અધિકાર ધરાવીએ છીએ.

૨) પી.આર.ઓ.નં..............ની જાહેરાત, જાહેરાતની શરતો, જાહેર હરાજીની શરતો, કરારની શરતો, અમોએ વાંચી છે. સમજી છે તથા તે અંગે અમો તથા અમારી સંસ્થાને કોઇ વાંધો વિરોધ નથી.

૩) સદર જાહેરાતની શરતો, હરાજીની શરતો તથા કરારની શરતો અમોને કબુલ મંજુર અને બંધનકર્તા છે તથા તે પ્રમાણે વર્તવા અમો તથા અમારી સંસ્થા બંધાઇએ છીએ.

ઉપરોકત વિગત અમારી જાણ મુજબ અને રેકર્ડ મુજબ ખરી છે. અને તે અંગે અમોએ આ સોગંદનામુ કોઇપણ જાતના દબાણ વગર , સભાન અવસ્થામાં, શુધ્ધબુધ્ધિથી કરી આપીએ છીએ.

સ્થળઃ ...................

તારીખઃ / /૨૦૧૯

સિકકો

સહી

(............................)

મો.(ફોન.નં)................